# "SUDARSHAN"

Weekly E-bulletin of Rotary club of Surat

8th October 21-22

Rotary club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -15

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R'ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad,
Nanpura, Surat - 395001
For Private Circulaion only

## ‘શનિવાર સાંજ રમત અને ગમ્મતવાળી ’

શનિવાર, તા. ૦૨.૧૦.૨૦૨૧

તા. ૦૨.૧૦.૨૦૨૧ ગાંધી જયંતી નો પર્વ અને તે દિને સાંજે ભરાયો રોટરી હોલ બરાબર ૫.૩૦ વાગ્યે. રોટરી હોલનું વાતાવરણ જોતા જાણે એવું લાગ્યું

‘શૈશવ હજી શમણાં બની ટહુકા કરે

ઊડી ગગન પાછી વળી એ જિંદગી....’

બાળક જેવું હાસ્ય, બાળક જેવી મસ્તી અને બાળક જેવી સહજતાથી દરેક રોટેરિયન ખીલી ઉઠ્યા, કારણ રોટરી પાર્ટનર ધ્વનિ બક્ષી અને ટિંજલ કોઠારીએ વૈવિધ્ય સભર રમતો દ્વારા સૌને ગેલમાં લાવી દીધા.શરીરની અને મગજની બંને કસરત સાથે ગમ્મત એટલે શનિવારની સાંજ. સૌ ૫.૩૦ કલાકે ભેગા થયા. ભીષ્માબેને  મસ્તી શરૂ કરવાનું એલાન કર્યું.

એક બાજુ શરીરને કસરત મળે એવી ગેમો શરૂ થઇ ડોગ અને બોન્સ, હુલા – હુપ રીંગ, Apple – Banana – Orange, સ્ટ્રો અને બંગડી ..વગેરે ઘણી બધી, એમાં સાડીમાં આખી ટીમને પસાર થવાની ગેમમાં રમનાર અને જોનાર બન્નેની ખૂબ મજા પડી. હાઉઝીમાં મસ્તી આવી અને બીજી બાજુ મગજ કસવાની રમતો ચેસ અને કેરમમાં સૌને આનંદ આવી ગયો. ધ્વનિ અને ટિંજલે ખૂબ જ સરસ આયોજન કર્યું હતું.

સર્વ સભ્યોએ ખૂબ આનંદ કર્યો અને તરોતાજા થયા. અંતે રૂપેશભાઈ અને ભૂપેન્દ્રભાઈ એ પાઉંભાજી ખવડાવી સર્વનો થાક ઉતાર્યો અને શક્તિ પૂરી પાડી.

ફરી એક અનોખી સાંજની ભેટ રોટરી મિત્રોને મળી.








# INCOMING.....

## : October :

**8th** Navratri Celebrations

**9th** Bal Aanganwadi
ભૂખ્યાને ભોજન
School bags distribution

**11th** Notebooks distribution
School bags distribution










**October**

| | |
|---|---|
| 10th | Indravadan J.Shetranjiwala |
| 12th | Asha Jariwala |
| 13th | Bhairav B. Desai |
| | Anand Sheth |
| 15th | Kamal Gandhi |
| | Sumant Jalan |

PEACEBUILDING AND CONFLICT PREVENTION · DISEASE PREVENTION AND TREATMENT · WATER, SANITATION, AND HYGIENE · MATERNAL AND CHILD HEALTH · BASIC EDUCATION AND LITERACY · COMMUNITY ECONOMIC DEVELOPMENT · ENVIRONMENT

# "ભૂખ્યાને ભોજન"

## ગુરુવાર, તા. ૩૦-૦૯-૨૦૨૧

'ભાવ, અભાવ અને પ્રભાવ' આ ત્રણ કારણોથી જ માણસ તમારી પાસે આવે છે. ભાવથી આવ્યો હોય તો પ્રેમ આપજો, અભાવથી આવ્યો હોય તો મદદ કરજો અને પ્રભાવથી આવ્યો હોય તો પ્રસન્ન થજો કે ઈશ્વરે તમને લાયક બનાવ્યા.

આવા ઉત્તમ વિચારને સાકાર કરવા આપણી ક્લબ સતત પ્રયત્ન કરે છે અને તેથી આપણો ભૂખ્યાને ભોજન પ્રોજેક્ટ ખૂબ જ સૂપેરે ચાલે છે. તા. ૩૦.૦૯.૨૦૨૧ ને ગુરુવારે ઇનરવ્હીલ સભ્ય અને રો. રૂપલ ભટ્ટના ભગિની રેશ્મા ભટ્ટે આ પ્રોજેક્ટમાં પોતાનો ફાળો આપ્યો હતો. સાથે રો. રૂપલ ભટ્ટ, રો. નેહા લોટવાલા અને રો. પાર્ટનર મંજરી દેસાઈ પણ હાજર રહ્યા હતા.



# બાળ આંગણવાડી

## 'ભૂલકાઓનું સ્મિત'

શનિવાર, તા. ૦૨.૧૦.૨૦૨૧

દર અઠવાડિયે બાલ આંગણવાડીમાં નાસ્તાનું વિતરણ કરવા જયારે આપણા રોટરી મિત્રો જાય છે ત્યારે સભ્યોને જોતાં જ બાળકોના મન ખુશીથી ઉભરાય જાય છે. એમના ચહેરાનો આનંદ નિહાળી પ્રોજેક્ટની સફળતાનો ખ્યાલ આવે છે. ભૂલકાઓનો જાણે મંત્ર છે 'હસતા રહો, ખુશ રહો મસ્ત રહો' અને આ સૂત્રને આપણી ક્લબ પ્રોત્સાહિત કરી રહી છે. તા. ૦૨/૧૦/૨૦૨૧ ને શનિવારે ગાંધી જયંતીને દિને આ પ્રોજેક્ટના પ્રોત્સાહક સેવકો રહ્યા રો. સ્નેહલભાઇ અને રો. પાર્ટનર જયનાબેન પટેલ. સાથે રો. પાર્ટનર અમિષાબેન કિનખાબવાલા અને સચીન પણ જોડાયા હતા. જેમણે ખૂબ જ પ્રેમથી, ભાવથી આ ભૂલકાઓ સાથે સમય વિતાવ્યો.



## રોટરી ક્લબ ઓફ સુરત અને એલ. પી. સવાણી રિવર સાઈડ સ્કૂલ ના મહા રક્તદાન શિબિરને ભવ્ય સફળતા. કુલ ૮૧૬ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું.



રવિવાર, તા. ૩ ઓક્ટોબર, ૨૦૨૧ નો દિવસ રોટરી ક્લબ ઓફ સુરત અને એલ. પી. સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થશે. ડભોલી ખાતે આવેલ એલ.પી.સવાણી રિવરસાઇડ સ્કૂલમાં રોટરી ક્લબ ઓફ સુરતના સહયોગથી તેમજ એચ.ડી.એફ.સી બેંક અને સરદાર વલ્લભભાઈ પટેલ બેંકના સહકારથી આયોજિત રક્તદાન શિબિરમાં ૮૧૬ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત એલ.પી.સવાણી ગ્રુપની બાકીની પાંચેય શાળાઓમાં પણ આયોજિત કરવામાં આવેલ રક્તદાન શિબિરમાં બીજા ૧૭૬૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આમ એક જ દિવસમાં કુલ ૬ શાળાઓમાં આયોજિત રક્તદાન શિબિરોમાં ૨૫૭૬ યુનિટ રક્ત એકત્ર થયું હતું.

આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ સુરતના પ્રમુખ ભીષ્માબેન જરીવાલાએ જણાવ્યું હતું કે આ અમારો, શાળાના સંચાલકોનો, વાલીઓનો અને આજુબાજુના વિસ્તારોમાં રહેતા નાગરિકોનો સંયુક્ત પ્રયાસ છે. અમારા પ્રયત્નને જે રીતે સફળતા સાંપડી છે તેના કારણે અમારો ઉત્સાહ વધ્યો છે, અને નિયમિત અંતરે આ કાર્યક્રમનો સિલસિલો ચાલુ રહેશે.





આ પ્રસંગે એલ.પી.સવાણી રિવર સાઇડના ડિરેક્ટર શ્રી ગિરીશભાઈએ જણાવ્યું હતું કે જાગૃતિ લાવવા માટે અમોએ સમગ્ર વેડ, ડભોલી, સિંગણપોર, કતારગામ વિસ્તારમાં અમારા સ્ટાફના માધ્યમથી ઘરે ઘરે ફરીને ૨૦ હજાર પેમ્ફલેટનું વિતરણ કર્યું હતું. જેના કારણે આટલી મોટી સફળતા સાંપડી હતી. આ ઉપરાંત વ્યક્તિગત ફોન કોલ્સ અને સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા પ્રચાર હાથ ધરવામાં આવ્યો હતો.

એલ. પી. સવાણી રિવર સાઈડ શાળાના અંગ્રેજી માધ્યમના આચાર્યા શ્રી હેમાલીબેન દેસાઈ અને ગુજરાતી માધ્યમના આચાર્યા શ્રી સપનાબેન પારનેરીયાએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે વધુ ને વધુ લોકો આ કાર્યક્રમમાં જોડાય તેવા પ્રયત્નો કરવામાં આવતા આ કેમ્પને ભારે સફળતા પ્રાપ્ત થઈ છે. વિદ્યાર્થીઓને પણ તેમણે બિરદાવ્યા હતા કારણ કે વાલીઓને આ શિબિર સુધી લાવવામાં વિદ્યાર્થીઓ નો ફાળો ખૂબ મોટો હતો.

**" In a gentle way, you can shake the world "**
**...M K Gandhi**

# HUMF







## 'હૂંફ'

'જનની ની જોડ સખી નહીં જડે રે લોલ'

'માં' ગરીબ હોય કે તવંગર એનાથી કોઈ ફરક નથી પડતો – દરેક 'માં' પોતાના બાળકને તન અને મનથી તંદુરસ્ત રાખવા માંગે છે અભિમન્યુ માની કુખમાંથી જ સાત કોઠા વિંધવાની શીખ લઈને આવ્યો હતો.

આપણા શાસ્ત્રમાં લખ્યું છે અને વિજ્ઞાન પણ પૂરવાર કરે છે કે માતાના ગર્ભમાંથી જ બાળક તંદુરસ્ત હોય તો સ્વસ્થ બાળકનું સર્જન થાય. પણ દરેક માતાઓના નસીબમાં સ્વસ્થ બાળકને નિર્માણ કરવાનું નથી, કારણ કે એઓ પોતે જ સ્વસ્થ રહેવા જરૂરી એવા ખાન-પાન અને જ્ઞાનથી વંચિત છે.

રોટરી ક્લબ ઓફ સુરત દર મહિને આવી જરૂરિયાતમંદ ગર્ભવતી મહિલાઓને એમના સ્વાસ્થ્ય માટે જરૂરી ખોરાક અને જરૂરી જ્ઞાનની વહેંચણી કરે છે, જેથી સ્વસ્થ સમાજ અને સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણનો આપણે હિસ્સો બની શકીએ. તેથી જ શરૂ થયો પ્રોજેક્ટ HUMF- Humanitarian Aid to Underprivileged Maternity Wards Females.

તા. ૨૪.૦૯.૨૦૨૧ ને શુક્રવારે સપ્ટેમ્બર માસના HUMF પ્રોજેક્ટ અંતર્ગત લગભગ ૨૫ જેટલી ગર્ભવતી મહિલાઓને ચણા, ખજૂર અને ગોળ વહેંચવામાં આવ્યા. આ વખતે આ ઉમદા કાર્ય થકી ઉજળા થનાર રો. હતા રાજેન શાહ. બંને વખતે પ્રેસિડન્ટ ભીષ્માબેન અને સર્વિસ ડિરેક્ટર નેહા લોટવાલા માતાઓને હૂંફ આપવા તથા ઉત્સાહ વધારવા પહોંચ્યા હતા.